# પરિષદ-પ્રમુખનો પત્ર

આ પત્ર ભાષા કે સાહિત્ય અંગેનો નહીં હોય. છે તો એ એક અર્થમાં પ્રવાસવર્ણન પણ એમાં પ્રીતિ સેનગુપ્તા જેવી સાહસકથા કે ભોળાભાઈ જેવી સંસ્કારકથાયે નહીં હોય. તમારા મિત્રને ગમે તો વિષય છે, તેથી તમને એટલો ગમતો ન પણ હોય, તે છતાં સાંખી લેવા વિનંતી.

સપ્ટેમ્બરની ૮મીથી માંડીને ઑક્ટોબરની ૧૪મી સુધી વિદેશોમાં ગાંધીસ્મરણમાં સમય ગાળ્યો. ઇંગ્લૅંડ, કેનેડા અને સંયુક્ત રાજ્ય અમેરિકામાં પાંચ ગાંધીકથાઓ અને છ વ્યાખ્યાનો ગોઠવાયાં હતાં. ઇંગ્લૅંડમાં પાંચ-પાંચ દિવસની બે ગાંધીકથાઓ ગુજરાતીમાં અને કેનેડામાં એક અને અમેરિકામાં બે કથાઓ હિંદીમાં થઈ, જેમાંની બે ત્રણ-ત્રણ દિવસની અને એક બે દિવસની, પણ પાંચ-પાંચ કલાકની થઈ. વ્યાખ્યાનો બધાં અંગ્રેજીમાં થયાં અને ત્યારબાદ પ્રશ્નોત્તરી પણ થઈ. ૨૦૦૪માં ગાંધીકથાઓ શરૂ થઈ ત્યારથી જ વિદેશમાં વસતા ગુજરાતી મિત્રોનો આગ્રહ ત્યાં કથા રાખવાનો હતો. પણ પહેલાં ગુજરાતમાં પછી ગુજરાત બહાર દેશમાં બીજા પ્રદેશોમાં કરવાના મારા આગ્રહને લીધે વિદેશોનાં નિમંત્રણો ઠેલાતાં રહ્યાં. તેમાં આ સાલ કેનેડાની મેક્યાસ્ટર યુનિવર્સિટીએ ગાંધી વ્યાખ્યાન સારુ નિમંત્ર્યો તેની સાથે ઇંગ્લૅંડ-અમેરિકાના કાર્યક્રમો પણ ગોઠવાઈ ગયા. આખા પ્રવાસ દરમિયાન સ્થાનિક સંગીત ટુકડીઓ તૈયાર કરવા અને તેમને દોરવા દેશમાં ગાંધીકથા ગીતોનો જેમને સારો મહાવરો હતો તેવાં શ્રીમતી ભદ્રાબહેન સવાઈ અને નરેન્દ્ર શાસ્ત્રી મારી સાથે રહ્યાં. મારી દીકરી સંઘમિત્રાએ સાથે રહી મારી સંભાળ રાખવાનું તથા પ્રવાસવ્યવસ્થાનું કામ કર્યું. આ કથાઓમાં શ્રોતાઓની સંખ્યા દોઢસોથી માંડીને સાતસો સુધી રહી. દરેક જગાએ કથાના આયોજકોએ ગાંધીસાહિત્ય પણ દેશથી મંગાવી રાખ્યું હતું. દરેક જગાએ સાહિત્ય અને કથાની ડી.વી.ડી. કે સી.ડી.ની નકલો ખૂટી.

મૂળ કેનેડાનું નિમંત્રણ આપનાર ભાઈ ડૉ. રમાશંકરસિંહ ઉત્તર પ્રદેશના, પણ કેનેડામાં સ્થિર થયેલા. તે સિવાયના બધા નિમંત્રણ આપનાર ગુજરાતી મિત્રો પણ અમેરિકાની કથાઓ હિંદીમાં જ રાખવાનો આ મિત્રોએ જ આગ્રહ  કરેલો. એને લીધે બિનગુજરાતી ભાઈબહેનો પણ ઠીક ઠીક સંખ્યામાં ભળી શક્યાં.

કથાઓની સફળતામાં કદાચ સૌથી મોટો ફાળો ઇંગ્લૅંડમાં શ્રી ધનજીભાઈ તન્ના અને વિપુલ કલ્યાણી, કેનેડામાં ડૉ. સિંઘ, અમેરિકામાં ડૉ. પ્રવીણભાઈ ભટ્ટ, ડૉ. વિક્રમ કામગાર તથા ડૉ. મોહન ત્રિવેદીનો હતો. આ આયોજનમાં બધે ઠેકાણે આયોજકોના સારુ કુલ છ-સાત ભાષણો પણ ગોઠવાયાં હતાં. તેમાં લંડનના નહેરુ સેન્ટરને બાદ કરતાં બીજાં બધાં વ્યાખ્યાનો કેનેડા અને અમેરિકાની યુનિવર્સિટીઓમાં થયાં. એકાદને બાદ કરતાં બધા જ સભાખંડો ચિક્કાર



પરિવારજનો તથા અનેક સંસ્થાઓ તથા ઘણાબધા મિત્રોએ ઉત્સાહભેર સાથ આપ્યો હતો. આ પૈકી મોટાભાગના લોકો ગાંધીકથાનો પહેલો અનુભવ લઈ રહ્યા હતા. પણ ભારતમાં થયેલી કથાઓની ડી.વી.ડી. ત્યાં પહોંચી હતી. લંડનમાં શ્રી પ્રતાપ ગઢવી જેવાઓએ તો આખા પરિવાર સાથે એ રાત રાત બેસીને જોઈ હતી. સૌએ તૈયારી કરવામાં કાંઈ મણા રાખી નહોતી. દરેક ઠેકાણે સંગીત ટુકડી સ્થાનિક ઊભી કરવાના મારા આગ્રહને કારણે એમણે થોડી મુશ્કેલી પણ વેઠી હશે. પણ નરેન્દ્રભાઈ અને ભદ્રાબહેનના સહકાર અને દોરવણીથી સંગીતનું પણ ગોઠવાઈ ગયું. યેલ યુનિવર્સિટી પાસે ન્યૂહેવનની ગાંધીકથામાં વાદ્યસંગીતનો કેમ ઉમેરો થાય એની થોડી ફિકર હતી. મેન્ડોલિન અને ગિટાર વારા ફરતી વગાડીને ત્યાંના સંગીતમાં અનેરો રંગ લાવી દીધો. બીજે દિવસે તો એઓ ગાવામાં પણ ભળ્યા. યેલના ભાષણ વખતે તેમણે ખૂબ વિગતવાર નોંધ લીધી. ભારતીય સંગીતની તાલીમ તેમણે કલારૂપમાં લીધી હતી અને રવીન્દ્ર સંગીત પણ જાણતા હતા. એમણે એક વાક્યમાં પોતાની લાગણી પ્રગટ કરી : 'ટાગોર કવિ હતા, પણ ગાંધી તો ખુદ કવિતા હતા.'

બધી કથામાં શરૂઆત વખતે શ્રોતાઓનો વિસ્મય અને જિજ્ઞાસા જણાઈ આવતી હતી, પણ કથા સાંભળ્યા પછી અહોભાવ અને 'ફરી ક્યારે આવશો ?' એવો પ્રશ્ન. સેનેક્ટિકટની કથા સારુ ઠેઠ ફિલાડેલ્ફિયાથી આવેલા શ્રી કિશોર રાવળે બીજે દિવસે મારા હાથમાં નિરાંતે વાંચવા એક પત્ર મૂક્યો તેમાં ઉમળકાભેર લખ્યું હતું :

'પહેલા વરસાદમાં દેડકાંની જેમ બીજી ઑક્ટોબરના ગાળામાં ફૂટી નીકળતા ગાંધી વિશેના લેખકો, વાર્તાકારો પ્રત્યેના મારા પૂર્વગ્રહો સાથે ક્રમને અને કચવાતા જીવે હું તમારા યેલના કાર્યક્રમમાં આવ્યો અને 'ઠાકુર તવશરણાઈ' જેવું થઈ ગયું. રિચાર્ડ એટનબરોએ (દ્વારા) જેને મેં દૂરબીનમાંથી દૂરથી નિહાળ્યા હતા તેવા ગાંધી કાલે સજીવન થયા. કાલે તમે કાચની દીવાલો વચ્ચે મઢેલા મ્યુઝિયમના ગાંધીજીને જીવતાજાગતા માનવી, અવનવા, રઢિયાળા માનવી તરીકે અમારી સમક્ષ રજૂ કર્યા અને રસતરબોળ કરી દીધા. એ બદલ તમારા જેટલો જ મારી પત્ની કોકિલાનો આભાર માનું એટલો ઓછો છે.'

બે કથાઓમાં મારાં એવાં પણ બે-ત્રણ વિદેશી મિત્ર-પરિવારો આવ્યાં જેમને ગુજરાતી કે હિંદીનો એકે શબ્દ આવડતો નહોતો, પણ જેમને ગાંધીવિચારમાં ખૂબ રસ હતો. વળી નારાયણના કાર્યક્રમો કેવા થાય છે એ જોવાની ઉત્સુકતા પણ ખરી. અમેરિકાનાં જાણીતાં શાંતિવાદી કાર્યકર રેન્ડી કડીલરે કહ્યું કે 'એક પણ શબ્દ સમજ્યા વિનાયે સભાનું વાતાવરણ જોઈને હું પુલકિત થયો.' ઇંગ્લૅંડના એક મિત્રે એક ગુજરાતી ભાઈને સાથે બેસાડી કથાનો થોડો થોડો સાર સાંભળ્યો. એણે કહ્યું કે 'તારે ભારત કરતાં અહીં જ કથા કરવાની જરૂર છે.'

લોસ એન્જેલિસની કથા વખતે જેમને હિંદી ન સમજાતું હોય તેવા લોકો સારુ કથાની, સાથોસાથ અંગ્રેજી તરજુમાની વ્યવસ્થા થઈ. આવી જાતનો આ પહેલો પ્રયોગ હતો. શ્રી પ્રવીણભાઈ ખાંડવાળાએ વિદેશની કથામાં ગવાનારાં ગીતોનો સરસ અંગ્રેજી અનુવાદ કરી આપ્યો હતો. એમના એ સૌજન્યનો લાભ ચાલુ કથાએ ભાષાંતર કરનાર ડૉ. ત્રિવેદીને મળ્યો.

કથાઓ ગુજરાતી કે હિંદીમાં હતી. પણ જેમને તે ભાષાઓ ન આવડતી હોય તેમને

ભરાયેલા હતા અને વ્યાખ્યાન પછી ચાલતી પ્રશ્નોત્તરી વિદેશોની યુવા પેઢીમાં ગાંધીજી વિષેની જિજ્ઞાસાની પ્રતીતિ કરાવતી હતી.

ઔપચારિક સભાઓથી બહાર મળેલા બે અલગ અલગ પ્રકારના વિદ્યાર્થીઓ યાદ રહી જાય એવા હતા. એમાંના એક અમેરિકન નાગરિક પણ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં પીએચ.ડી. કરે છે. તે બે વાર ઇંગ્લૅંડમાં અને એક વાર અમેરિકામાં ખાસ્સી બબ્બે કલાકની ચર્ચાઓ કરી ગયો. ગાંધીજીના આંદોલનમાં, એમના સાથીઓની બહુશ્રુતતાને કારણે, આધુનિકતમ વિચારપ્રવાહો સાથે જીવંત સંબંધ રાખવામાં તેમનું વાચન કેવું ઉપયોગી થઈ પડતું હશે એ એનો ચર્ચાનો વિષય હતો. એણે પહેલાં ભારત આવીને સાબરમતીના ગાંધી સંગ્રહાલયમાં મારા પિતાનાં જે પુસ્તકો છે તેની ઊંડાણથી તપાસ કરેલી. વિષયના ઊંડાણમાં જવાની એની વૃત્તિ જોઈને હું તો ચક થઈ ગયો. અમારા એ ગ્રંથાલયમાં મહાદેવભાઈને જવાહરલાલજી પાસે મળેલાં પણ પુસ્તકો છે. એ પુસ્તકોમાં જવાહરલાલજીએ કયા ભાગો નીચે એક રંગની પેન્સિલથી નિશાનીઓ કરેલી અને બીજા રંગની પેન્સિલથી મહાદેવભાઈએ નિશાનીઓ કરેલી તેણે બરાબર નોંધી હતી અને જેને તેમ જ તેમના જેવા બીજા અભ્યાસુ લોકોના અભ્યાસનો લાભ ગાંધીજીને કેવો મળી રહેતો એ એના કૌતુક અને અભ્યાસનો વિષય હતો. બેલગાંવની હેડળગા જેલમાં મહાદેવભાઈ લગભગ એકાંતવાસમાં હતા ત્યારે તેમને કઈ ચોપડીઓ જોયેલી અને બીજી કેટલીયે વિશે માત્ર સ્મરણને લીધે તેમણે પોતાની ‘ગીતા એકોર્ડિંગ ટુ ગાંધી’માં ઉલ્લેખ કરેલો એની જાણ આ તરુણને મારા કરતાં ક્યાંય વધારે માહિતી હતી.

બીજો વિદ્યાર્થી કેનેડાના એક પીસ સેન્ટરમાં આવીને બેઠેલો, પણ એટલો બધો સંકોચશીલ કે મારી સાથે તો એણે ભાગ્યે જ બે-ત્રણ મિનિટ વાત કરી હશે. કૉલેજના પહેલા વર્ષમાં પ્રવેશ પામેલા આ વિદ્યાર્થીના પૂર્વજો સિંધના, પણ એણે અભ્યાસ અખાતના દેશોમાં કરેલો. એણે મને એક સંગઠનની વાત કરી અને તેને અંગેના માસિકનો એક અંક જોવા આપ્યો. સંગઠન હિંદ-પાકિસ્તાની મૈત્રી ક્લબને નામે હતું. અને એની ઘણી બધી કાર્યવાહી ઇન્ટરનેટ પર જ ચાલે છે. મલાયામાં કોઈ સામાન્ય નોકરી કરતા એક પાકિસ્તાની અને એક ભારતીયે એની શરૂઆત કરેલી. એના સભ્ય થવાની શરત એ કે બંને દેશમાં એક એક પ્રતિનિધિ મળીને જ જોડી તરીકે એમાં સભ્યપદ નોંધાવી શકે. ગણ્યાંગાંઠ્યા વરસોમાં આ સંગઠનના એક લાખથી વધુ સભ્યો નોંધાયા છે.

સાન ડિએગો યુનિવર્સિટીના મારા વ્યાખ્યાન વખતે ઘણા વિદ્યાર્થીઓને પોતાના લેપટૉપ પર નોંધ લેતા જોઈને મને રમૂજ ઊપજી. હું કૉમ્પ્યૂટરની દુનિયાથી સાવ અજાણ છું, તેથી આ તરફ ખાસ ધ્યાન ખેંચાયું. જોકે મારી આંખોએ એ વાતની પણ નોંધ લીધી કે મારી શરૂઆતની વાતોને મોં પરના મલકાટ સાથે સાંભળતા વિદ્વાન અધ્યાપકો પાછળના ભાગમાં પોતાની નોંધપોથી કાઢીને એમાં કાંઈ કાંઈ નોંધ કરવા લાગ્યા હતા. અમારા આયોજકોએ સહેજ ગર્વપૂર્વક કહ્યું કે આ યુનિવર્સિટીમાં સંશોધન કાર્ય કરતા સાતેક જેટલા વિજ્ઞાનીઓને નૉબેલ પારિતોષિક મળી ચૂક્યાં છે, અને એ દિવસના શ્રોતાઓમાં કેટલાક એવા વિદ્યાર્થીઓ પણ હશે કે એમને કોઈ મોટો પુરસ્કાર મળે તો નવાઈ ન પમાય. મને એ નવાઈ સાથે ખુશીની વાત એ લાગતી હતી કે સામાન્યપણે એવો અંદાજ કરાય કે અર્થકારણ, રાજકારણ, દર્શનશાસ્ત્ર કે ધર્મશાસ્ત્રના વિદ્યાર્થીઓને ગાંધીના વિષયમાં રસ પડે. પણ વિજ્ઞાનના વિષયોના વિદ્યાર્થીઓને ગાંધીમાં રસ



પડતો જોઈ મને ખૂબ આનંદ થયો. ભાષણને અંતે સૌ શ્રોતાઓએ ઊભા થઈને લાંબા વખત સુધી તાળીઓ પાડી ત્યારે અમારા આયોજકો મલકાયા અને હું સંકોચ અનુભવી રહ્યો.

યાત્રા દરમિયાન આ દેશના સંચાર માધ્યમોનો ખાસ સંપર્ક થવા ન પામ્યો. આયોજનનો એ ભાગ નબળો જ રહ્યો એમ કહી શકાય. માત્ર સાન ડિએગો યુનિવર્સિટીના માહિતી વિભાગે મારી ખાસ્સી લાંબી એવી ટી.વી. મુલાકાત લીધી. એ કાર્યક્રમના આયોજક પૂર્વે ‘વૉશિંગ્ટન પોસ્ટ’ના એક મુખ્ય કાર્યકર હતા. ઈરાક પરના અમેરિકી આક્રમણ પછી એ જગ્યાથી રાજીનામું આપી તેમણે તરુણો જોડે કામ કરી શકાય એવી ચાકરી પહેલા કરતાં ઓછા પગારે પસંદ કરી. એમને મદદ કરવા યુનિવર્સિટીના બે વિદ્યાર્થીઓ હાજર હતા. મારી સાથે વાર્તાલાપ કરનારી બે બહેનોમાં ગૌરવર્ણની વર્જીનિયા ગાંધીના વિષયમાં અને શ્યામવર્ણની રોઝમેરી સાહિત્યમાં રસ ધરાવતી હતી. બંનેએ પ્રશ્નો પૂછવાની તૈયારીઓ કરી લીધી હતી. માત્ર મને કેવા પ્રશ્નો પૂછશે એનો એમણે કદાચ જાણી જોઈને જ સાવ ઓછો ખ્યાલ આપ્યો હતો. તેથી પડાપડ આવતા પ્રશ્નોના તડાતડ જવાબો આપવામાં મને પણ મજા આવી ગઈ. એ લોકોએ ધારેલો સમય પૂરો થવા આવ્યો પણ એનો ઇશારો ન કરવા આયોજકે ઇશારો કર્યો એ વાતની મને પાછળથી જાણ થઈ. છેવટે, મારો આભાર માની લીધા પછી રોઝમેરીએ કહ્યું : ‘એક છેવટનો પ્રશ્ન – અત્યારે અમેરિકાના પ્રમુખની ચૂંટણીના પડઘમ વાગી રહ્યાં છે. ગાંધીદૃષ્ટિએ તમે કોને મત આપો ?’

આવા અણધાર્યા પ્રશ્નના જવાબમાં મેં કહ્યું : ‘બંને ઉમેદવારો વિષે હું ખાસ જાણતો નથી. આ અંગે કાંઈ અભિપ્રાય આપવાને સારુ હું મારી જાતને યોગ્ય પણ માનતો નથી. પણ તમે પૂછો જ છો તો એટલું કહીશ કે બંનેની જાહેર ચર્ચાઓમાં મને એક શબ્દ સાધારણ સંભળાય છે – ચેન્જ. બંને પરિવર્તનની વાત કરે છે. એ પરિવર્તન શાને માટે ? જૂની પરિસ્થિતિને યથાવત્ કરવા માટેનો ચેન્જ ? કે દુનિયાના રાજકારણ પરથી અમેરિકાનું વર્ચસ્વ ઝડપથી ઓસરી રહ્યું લાગે છે તેને રોકવા માટેનું પરિવર્તન ? એ એવું જ પરિવર્તન હોય તો મને તેમાં રસ નથી. કોઈ ઉમેદવારને માણસ-માણસ વચ્ચેના સંબંધો સુધારવામાં, યુદ્ધો નાબૂદ કરવામાં, ઉપભોગવાદને નાથવામાં, પૃથ્વીનું ધોવાણ રોકવામાં અને આવતી પેઢીનું ભાવિ તેમ કરીને ઉજ્જ્વળ કરવામાં રસ હોય તો હું એવા ઉમેદવારને મત આપું.’

**– નારાયણ દેસાઈ**

❒